# જુનિયર/સિનિયર ક્લાર્ક વર્ગ-૩, બિનઅનામત (OPEN) વર્ગ-૩ની પરીક્ષા

## અગત્યની સૂચનાઓ:

1) આ સ્પર્ધાત્મક પરીક્ષામાં આપનો પ્રવેશ કૉલેજની જાહેરાત અને તેને સંબધિત સૂચનાઓને આધારે આપે કરેલ અરજીપત્રકની વિગતોના ખરાપણાને આધીન રહીને આપવામાં આવે છે. જેમાં ભવિષ્યમાં ક્ષતિ જણાશે તો કૉલેજ દ્વારા આપને ડીબાર્ટ અને ગેરલાયક ઠરાવવામાં આવશે.

2) પ્રાથમિક પરીક્ષા 100 પ્રશ્નોના પ્રશ્નદીઠ 1 ગુણ લેખે કુલ 100 ગુણની રહેશે. પરીક્ષાનો સમય 60 મિનિટનો રહેશે. પ્રત્યેક ખોટા જવાબદીઠ 0.25 ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે. દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાનો 20 મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે. પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રિનીંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

3) હાજરીપત્રકમાં આપે આપની વિગતો યોગ્ય રીતે ચકાસી ઉપર સહી કરી પરીક્ષાખંડમાં નિરીક્ષકની સહી કરી નીચેનું હાજરી પત્રક નિરીક્ષકને પરત કરવાનું રહેશે અને ઉપરનો ભાગ આપની પાસે રાખવો.

4) પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપે આપના તાજેતરનાં ફોટોની કલર કોપી કૉલેજ દ્વારા આપેલ કોલલેટર કમ હાજરી પત્રકમાં ચોટાડી અચૂક સાથે લાવવાનો રહેશે અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

5) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ચૂંટણી કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, આધારકાર્ડ, પાનકાર્ડ, બેંકની ડેબીટ કાર્ડ/પાસબુક, અથવા પાસપોર્ટ પૈકી કોઈ એક અસલ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. જે વર્ગ નિરીક્ષક પાસે માંગે ત્યારે બતાવવાનું રહેશે. કોઈપણ સંજોગોમાં ઓળખ પત્રની નકલ/ઝેરોક્ષ માન્ય ગણવામાં આવશે નહીં.

6) આ પરીક્ષાના પ્રશ્નપત્રનું ઉત્તરપત્રક OMR પધ્ધતિનું રહેશે. ઉમેદવારોએ જે તે પ્રશ્ન ક્રમ અને દર્શાવેલ ઉત્તર A, B, C, D પૈકી યોગ્ય જણાવવાળા વર્તુળ પૈકીમાં ભૂરી અથવા કાળી બોલપેઈન્ટ પેનથી ઘાટું કરવાનું રહે. દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ પસંદ કરવાનો આપવામાં આવશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છે તો E વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.

7) પરીક્ષા દરમિયાન આપ ગેરરીતિ કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત સાહિત્ય કે કેલ્ક્યુલેટર, સ્માર્ટવોચ, બ્લ્યુટુથ વગેરે જેવા વિજાણુ સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો. તેમજ આવી વસ્તુઓને જપ્ત કરવામાં આવશે. વધુમાં અન્ય તમામ નિયમો અને સૂચનાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મુજબના રહેશે.

8) પરીક્ષાના નિયમિત સમય પહેલાં એક કલાક અગાઉ અને નિયત પરીક્ષા સમય બાદ અને અડધો કલાક પહેલાં પરીક્ષા ખંડ છોડી શકાશે નહીં.

9) ભરતીની જાણકારી માટે કૉલેજની વેબસાઈટ www.odeeducationsociety.in જોવી.